ઓ૩મ્.

પુરાણો કોણે રચ્યાં?

મુલ હિંદીનું ભાષાંતર કરનાર.

વૈદ ધીરજરાંમ દલપતરાંમ

સુરત.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

આર્ય ધર્મ પુસ્તક પ્રસારક મંડળી.

સુરત વિક્ટોરીયા પ્રેસમાંછાપ્યું.

સને ૧૮૯૫.

કીમ્મત ૩ પાઇ.

પુરાણ કોણે રચ્યાં?

હમારા ભોળા હીંદુ ભાઇઓ, એવું સમજી બેઠા છે કે ૧૮ પુરાણ અને અરાડ ઉપપુરાણ વ્યાસજીએ બનાવ્યાં છે, જે પારાસરના પુત્ર હતા. અને તે મહારાજા યુધીષ્ટરના વખતમાં વિધમાન હતા. (કળીયુગનો આરંભ થયાને આજે ૪૯૯૪ વર્ષ થાયછે,) પણ પુરાણો જોવાથી અને વાંચવાથી માલમ પડેછેકે એ નીશ્ચય ખરો નથી. એ બાબતની ખાત્રી નીચે લખેલા પ્રમાણોથી થાય છે માટે આશા છે કે ધર્માનુરાગી પક્ષપાત છોડી પુરતો વીચાર કરશે.

પ્રમાણ-૧ અરાડ પુરાણોમાં બૌધને પણ એક અવતાર તરીકે માનેલો છે અને જે વાક્યમાં તે કહ્યું છે તેમાં ભુતકાળ આવેછે, અને ભવીસ્યની વાત આવતી નથી. અને તેનું જે સ્વરૂપ વર્ણન કીધું છે, તે આજકાલના જૈનનોના પૂજ્ય અથવા ગુરૂ લોકો સાથે બરાબર મળતાં આવેછે. એઉપરથી સીદ્ધ થાયછે કે જે સમયમાં પુરાણો બનાવ્યાં હતાં તેની પુર્વે બૌધ થઇ ચુક્યો હતો (સીવ-પુ-પુર્વા–અ–૫-તુ-૯ સુધી)

પરંતુ ઇતીહાસ વેત્તાઓ અને સોધકોએ, બૌધ-મદીર-આર્યાવૃત, લંકા, ચીન, અને ટીબેટના પુસ્તકો ઊપરથી સીધ્ધ કર્યુછે કે બૌધ વીક્રમ સંવત પુર્વે ૭૧૪ વર્ષ આગમચ થયો હતો અને ૮૦ વર્ષ જીવી દેહાંત થયો હતો જેને આજે ૨૫૩૬ વર્ષ થયાંછે. અને વ્યાસજીને ૪૯૯૪ વર્ષ થયાં છે અર્થાત બૌધ ૨૫૩૬ વર્ષ વ્યાસજીથી પછાડી થયોછે તો પુરાણોનો કર્તા વ્યાસજી ઠરી

શક્તો નથી.

૨–રામાનુજ વીક્રમની બારમી સદીમાં થયા હતા એવું સઘળા ઈતીહાસ વેત્તાઓનું કેહવું અને માનવું છે, અને રામાનુજે વૈષ્ણવમત ચલાવ્યો અને સંખ, ચક્ર, પદ્મ, ગદાથી લોકોને ચક્રાં-કીત બનાવ્યા તે વૈષ્ણવમતનું ખંડન લીંગપુરાણમાં છે.

श्लोक

संखचक्रे तापयित्वा यस्य देहः प्रदह्यते ।:
तज्जीवन कुण स्त्याज्यः सर्वे धर्म बहिषकृत : ॥

અર્થ=જેના શરીર ઉપર સંખ ચક્રની છાપ મારેલી છે તે જીવતા મુડદાં જેવા અને ધર્મથી (પતીતની) સમાન તજવા યોગ્યછે.

એ પરથી સીધ્ધ થાયછે કે રામાનુજના મતની પછી તેનું ખંડન લીંગ પુરાણમાં થયું અને લીંગપુરાણ ૧૮ પુરાણોમાનુ એક છે અને રામાનુજ વીક્રમના બારમા સઇકામાં થયો તો તેને થયાને આજે ૭૫૧ વર્ષ થાય છે અને વ્યાસજીને થયાને ઊપર બતાવ્યા પ્રમાણે ૪૯૯૪ થાયછે તો વ્યાસજીથી રામાનુંજ ૪૨૪૩ વર્ષ પછી. થયા એઊપરથી પણ વ્યાસ લીંગપુરાણનો કર્તા નથી એવું સીધ્ધ થાય છે.

૩—**તૌજુગ જહાંગીરી,** નામના પુસ્તકમાં જાહાંગીર બાદશાહા લખે છે કે, આલુ, તંબાકુ, અને ગોભી, એ ત્રણે ચીજ મારા પીતાના સમયમાં અમેરીકાથી એક પાદરી લાવ્યો હતો એ વાત સઘળા ઇતીહાસ વેત્તાઓ માનેછે પરંતુ બ્રહ્માંડ પુરાંણમાં લખ્યું છે કે,

श्लोक.

प्राप्ते कळीयुगे घोरे सर्वे वर्णाश्रमे नराः।
तमालं भक्षितं येन सगच्छे न्नरकार्णवे ॥

અર્થ—આ ઘોર કળીયુગમાં જે તંબાકુ પીયેછે તે નર્કમાં જાયછે. (અને પદ્મપુરાણુમાં લખ્યુંછે કે,)

श्लोक.

धूम्रपानरतं विप्रो दान कृत्वेतियो नराः।
दातारो नरकं यान्ति ब्राह्मणो ग्रामशूकरा ॥

અર્થ—જે માણુસ તંબાકુ પીયેછે એવા બ્રાહ્મણુને દાન કરેછે તે દાનનો કરવાવાળો નર્કમાં જાયછે અને બ્રાહ્મણુ ગામમાં સુવર અવતરે છે.

હિદુઓના કોઇપણુ ધર્મ પુસ્તકમાં તંબાકુનો નિસેધ નથી અને એ શબ્દને અમેરીકાની ભાષામાં (ટોબાકો) કહેછે ગુરૂ નાનક જીથી તે નવમી બાદશાહી સુધી કોઇએ તંબાકુનું ખંડન કર્યું નથી કારણુ તેઓના વખતમાં તંબાકુ આ દેશમાં હતો નહી. પણુ જાંગીર બાદશાહના સમયમાં આવ્યો અને તેનો પ્રચાર થયો ત્યારે ઔરંગજેબ બાદશાહના સમયમાં એટલે દશમા બાદશાહાએ એનો નિષેધ કર્યો, અતએવ બ્રહ્માડ અને પદ્મપુરાણુ બન્ને જાંહાંગીરના પીતા અકબરની પછી બન્યાંછે, અને અકબર-બાદશાહનું રાજ્ય વીક્રમના સવત ૧૬૧૩થી-૧૭૬૨ સુધી એ

ર્થાત સન ૧૫૫૬થી-૧૬૦૬ ઇસવી સુધી હતું એથા પણ સીદ્ધ થાયછે કે બ્રહ્માંડ તથા પદ્મપુરાણ વ્યાસજીના રચેલાં નથી. કારણ કે તેને થયાને ૪૯૯૪ વર્ષ વ્યતીત થયાં અને એ પુરાણો બન્યાને (૧૯૫૧) (૧૬૬૨)-૨૮૧ વર્ષ થયાંછે.

૪—સંકરાચાર્ય રામાનુજના પહેલાં થયા કેમકે શંકરભાષ્યનુ ખંડન રામાનુજે કર્યું છે. સઘળા વિદ્વાનો સારી પેઠેમ જાણે છે કે સંકરાચાર્ય બધા જગતને માયા અને પોતાને બ્રહ્મ કેહેતા હતા. સઘળા હીંદુ લોકો સંકરાચાર્યને માહાદેવનો અવતાર માને છે, અને તેનું થવું બૌધની પેહેલાં ઘણા લોકો માને છે પણ એવાત તદ્દન ખોટી છે કારણકે બૌધનું ખંડન સંકરાચાર્યે કીધુ છે,

(પદ્મપુરાણમાં પાર્વતીને માહાદેવે કહ્યું છે કે,

श्लोक.

मायावाद मसच्छास्त्रं प्रछन्नं बौधमेवच ।
मयैव कथितंदेवि कलौब्राह्मण रुपिणा ॥

અર્થ-હે દેવી કળીયુગમાં હું (બ્રહ્મણનું રૂપ ધરી) વેદાંન્તમત જે છુપો બૌધમત છે, (તે મે રચ્યો છે,) આ ઊપરથી માલમ પડેછે કે પદ્મપુરાણ બૌધ, સંકર, અને રામાનુજની પછી બનેલ છે, માટે તેના કર્તા પણ વ્યાસ ઠરતા નથી.

૫—સઘલા ઇતીહાસ જાણનારા કબુલ કરે છે કે જગન્નાથજીનું મંદીર ઉડીશાના રાજા અનંગભીમદેવે, વીક્રમ સંવત ૧૨૩૧ માં બનાવ્યું છે અને એજ સંવત મંદીર ઉપર પણ લખેલો છે, અને જગન્નાથજીનાં મંદીરનું વરર્ણન સ્કંધ પુરા-

ણુમાં લખેલું છે, તો તે ઊપરથી સાધ્ધ થાય છે કે સ્કંદપુરાણ સંવત ૧૨૩૧ ની પછી બનેલું છે, એટલે તે પણ વ્યાસજીનું બનાવેલુ નથી.

૬—સઘલા હિંદૂ લોકો જાણે છે કે ભાગવત સુકદેવજીએ પરીક્ષીત રાજાને સંભલાવ્યુંહતું આગલા ઇતિહાશોથી માલમ પડે છે કે કૌરવ પાંડવના યુધ્ધની પછી માહારાજા યુધીષ્ટર ગાદી ઉપર બેઠા. અને તેણે ૩૬ વર્ષ--૮--માસ ૨૬ દીવસ રાજ કર્યું અને તેના મરણ પછી રાજા પરીક્ષીત ગાદીએ બેઠો અને તેણે ૬૦ વર્ષ રાજ્ય કર્યું. અને ભાગવતમાં લખ્યું છે કે પરીક્ષીતના રાજ્યના અંત સમયે એટલે માહાભારતના ૯૬ વર્ષ પછી સુકદેવજીએ પરીક્ષીત રાજાને ભાગવત સંભલાવ્યું હતું.

પરંતુ વળી માહાભારથ શાંન્તીપર્વ અધ્યાય ૩૩૨ થી ૩૩૩ સુધીમાંથી પણ જાણવામાં આવેછે કે જ્યારે કૌરવપાંડવનું યુદ્ધ સમાપ્ત થયુ અને ભીષ્મપીતાના અંત સમય યુધીષ્ટર તેની પાસે ઉપદેશ લેવા ગયા ત્યારે ભીસ્મે યુધીષ્ટરને કહ્યું કે હું તમને ઉપદેશ શું કરી શકુ. ઊપદેશના કરવા વાળા તો સુકદેવજી ઘણો કાલ થયાં ગુજરી ગયા, અને તેના ગુજરવાથી વ્યાસ સરખા પણ સોકાતુર થયા હતા. (આ સમયે પરીક્ષીત ગર્ભમાં હતા) હવે આ ઠેકાણે વિચાર કરવો જોઇએ કે પરીક્ષીતના જન્મ પેહેલાં તો સુકદેવજી ગુજરી ગયા હતા તો પછી ભાગવત સુકદેવજીએ સી રીતે પરીક્ષીતને સંભલાવ્યું એ વાતનો સંશય

છે આ ઉપરથી તો દેવી ભાગવતના ટીકાકારે જે લખ્યું છે કે ભાગવત બોપદેવનું બનાવેલું છે તે વાત શાચી ઠરે છે અને જ્યારે ભાગવત સુકદેવજીએ પરીક્ષતને સભલાવ્યું નથી. અને તેણે શાંભલ્યું નથી અને વ્યાસ બહુજ પુર્વે થઈ ગયા છે તો સીધ્ધ થાય છે કે વ્યાસે ભાગવત બનાવ્યું નથી. પણ બોપદેવેજ બનાવ્યું છે

૭—ભાગવતમાં લખ્યું છે કે નારદજી વ્યાકુલ થઇને બદ્રીકાસ્રમમાં ગયાં કે જ્યા વીષ્ણુ તપ કરતા હતા. અને વિષ્ણુએ જ્યારે સમાચાર પુછયા ત્યારે નારદજીએ કહ્યું કે મ્લેછોએ માહાદેવજીનું મંદીર તોડી નાખ્યુ અને માહાદેવજી કુવામાં ડુબી ગયા. હવે આ વાતને સઘલા વિદ્વાનો જાણે છે કે આ બાબત ઔરંગજેબ બાદશાહના વખતમાં બનેલી છે અને તેણે વીક્રમ સંવત ૧૭૧૩થી તે ૧૭૬૪-૫૧ વર્ષ રાજ્ય કીધું છે જે ઊપરથી સઘળા ભાઇઓ સમજી લેશે કે ભાગવતને બન્યાને કેટલાં વર્ષ થયાં ?

૮—અરાડ પુરાણોમાં સઘલા રૂશી મુનીઓની નિંદા લખેલી જોવામાં આવે છે, જેમકે બ્રહ્માને પોતાની પુત્રી સરસ્વતી શાથે વ્યભીચાર કરવાનું કલંક, કૃષ્ણને કુબજા શાથે અને રાધા શાથે, માહાદેવને રૂશીઓની સ્ત્રી સાથે, ઇંદ્રને ગૌતમની સ્ત્રી શાથે, સૂર્યને કુંતી શાથે, ચંદ્રને પોતાના ગુરૂની સ્ત્રી તારા શાથે, વીસ્વામીત્રને ઉર્વસીની સાથે, વ્યાસને માંછીની છોકરી શાથે, એવી રીતે સઘલા દેવ દેવીને માથે કલંક લગાડેલા છે પણ બૌધને માંથે કોઇ પણ જાતનું કલંક મુકયુ નથી,

માટે સક જાય છે કે પુરાણુનો રચનાર કોઈ બૌધ મતનો હો- હો જોઇએ કારણ અરાડેપુરાણુમાંથી એક પણ પુરાણુમાં બૌધનું ખંડન જોવામાં આવતું નથી. માટે પુરાણુ વ્યાસના કરેલા તો નહી. પણ કોઇ બીજાનાજ હશે?

૯—વ્યાસનું બનાવેલું વેદાંત સુત્ર, આખા જગતમાં પ્રખ્યાત છે, અને તેમાં જે ધર્મ લખેલો છે તે પણ વિદ્વાન વર્ગ જાણે છે, પણ તેમાં અને અરાડ પુરાણુમાં આકાસ અને પૃથવી જેટલો તફાવત છે, તે ઊપરથી પણ સીધ્ધ થાય છે કે પુરાણુ વ્યાસ કૃત નથી.

૧૦—દેવી ભાગવતમાં લખ્યું છે કે આર્યાવૃતના એક રાજાનો છોકરો મ્લેચ્છ વેસ્યા ઊપર આશક થયો અને ધર્મથી પતીત થઇ ગયો.

હવે આ બાબત ખુલ્લુ બતાવે છે કે, જ્યારે આપણુ દેશમાં મુશલમાનો હતાજ નહીં ત્યારે તેની વેસ્યાઓ પણ કયાંથી અને વેસ્યા નહી ત્યારે આશક પણ કોના ઊપર પણ આ ઉપરથી એવું શાક માલમ પડે છે કે દેવી ભાગવત મુશલમાને આર્યા વૃતમાં આવ્યા પછી રચાયલું છે અને જ્યારે એમજ છે તો એ વ્યાસકૃત નથી એવું નક્કી થાય છે.

૧૧—હવે ઊપલી સઘલી બાબતોથી હમારા પુરાણીક ભાઇઓએ વિચારવું જોઇએ કે, આપણે જેને વ્યાસ કૃત મા-

નીએ છઇએ તે પુરાણો * તો વ્યાસ કૃત નથી. પણ વ્યાસના નામથી બીજાઓએજ રચેલાં માલમ પડે છે, માટે એના ઊપર પુરો વીશ્વાસ રાખી આપણે લોકોને ભમાવીએ છઇએ તેનું પાપ આપણે ભોગવવું પડસે.

૧૨—હવે છેલ્લે એટલુંજ કેવાનું કે વેદ સીવાય બીજા પુસ્તકો ઉપર ભરોશો રાખવો એ રાખોડીમાં ઘી હોમવા જેવુ છે કારણકે સર્વથી જુનામાં જુના પુસ્તકો વેદસીવાયબીજા મલવાં દુર્લભ છે ટુંકમાં વેદ એજ સત્ય વિદ્યાના પુસ્તકો છે, અને વેદનું ભણવું ભણાવવું આર્યોનો પરમ ધર્મ છે માટે સઘળી જાળમાંથી દુર થઇ વેદ ઊપર આસ્તા રાખી વેદમાં કહેલા એક નીરંજન દેવનું ભજન કરવું જેથીજ મુક્તી પામવાનું ખરૂ શાધન મળી આવનાર છે માટે સદા એક ઇશ્વરની ભક્તી કરવી. અને નીતીએ ચાલવું એજ ખરો ધર્મ છે, બાકી સઘળુ નર્કને વિસે લઇ જનાર છે માટે સઘલા આર્ય ભાઇઓએ પ્રથમ ન્યાય કરી ઉપલી સઘળી બાબતો પુરેપુરી ધ્યાનમાં લઈ સત્યને રસ્તે ચાલવું એજ હમારી નમ્ર વીનંતી છે.

---

*૧૮—**પુરાણોનાનામ**—૧—મારકંડ—૨--ભવીષ્યત્—૩—ભાગવત્ ૪—બ્રહ્મવૈવર્ત—૫—બ્રહ્માડ—૬—સિવ—૭—વિષ્ણુ—૮—વારાહ—૯—લિંગ ૧૦—પદ્મ—૧૧—નારદ--૧૨--કુર્મ--અગ્ની---૧૪---મચ્છ---૧૫---બ્રહ્મ ૧૬—વામન—૧૭—સ્કંધ- ૧૮—ગરૂડ.

ઉપ પુરાણોનાં નામ--૧--આદ્ય--૨--નૃસિંહ--૩--વાયુ--૪--સીવધર્મ—૫--દુરવાસા--૬--કપીલ--૭--નારદ--૮--નન્દિકેસર--૯--ઉષમન ૧૦--વરૂણ -૧૧--સાંબ--૧૨--કલંકી--૧૩--મટેશ્વર--૧૪---પદ્મ---૧૫ દેવ--૧૬--પરાસર--૧૭--મરીચ--૧૮--ભારકર.

નીએ

સૂચના.

આથી સર્વે સદગ્રહસ્થોને વિનંતી પુર્વક વિદિત કરવામાં આવે છે કે નિચે લખેલી ચોપડીઓ તથા દવાઓ નીચે સહી કરનાર પાસેથી રોકડી કીમ્મતે મળશે દેશાવરવાળાઓને કીમ્મત ઉપરાંત ટપાલ ખર્ચ વધારે પડશે.

આણુંદમંજરી—પુષ્ટીવરધક કીમ્મત ડબી એકનો રૂ ૧

માહામદન ગુટીકા—કામો ઉતેજક-કીમ્મત શીશી એકના રૂપીયા બે.

ગર્ભવિલાસ ગુટીકા—ગર્ભાનુ રક્ષણ કરનાર-કીમ્મત ડબી એકના રૂ૨

દાંતનું મંજન—દાંતના તેમજ મોહોડાના રોગને દુર કરનાર-કીમ્મત ચાર આના.

દરાજની દવા—ઘણીજ અકસીર-કીમ્મત સીસી એકના ચાર આના.

બાલ કાઢવાની દવા—ચામડીને ઈજા થયા વગર બાલ જાય છે કીમ્મત અડીઆના.

પુસ્તકો.

પુષ્ટીમારગ..........................કી૦ રૂપીયા અડી
સત્યાસત્ય વિચાર........ ....ચાર આના.
જોળીયા ભાઇઓ.................ચાર આના.
જાદુ સંગ્રહ ભાગ પેહેલો............એક આનો.
જાદુ સંગ્રહ ભાગ બીજો........... "
ભાષણ કરતા સીખવવાની રીત.......બે આના.

વધારે માહીતીને માટે મંગાવો } ઠેકાણું
હમારૂ કેટલક. } વૈદ ધિરજરામ
} દલપતરામ
ગુજરફળીયા સુરત